રા.મ્યુ.કો./ટી.ડી.શા./જા.નં. : 452                                                    તા. 13-01-2026

વિષય : તા.૨૦/૦૧/૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : કોમલબેન હરેશભાઈ ભારાઈ                                                    વોર્ડ નં.૧૫

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૨ | (૧) | અમારા વોર્ડ નં.૧૫ માં આવેલ કોર્પોરેશનની શાળા નં.૯૯ ક્યારે થશે? ૨૦૦૮ થી ભાડે ચાલે છે તો કોર્પોરેશન ક્યારે બનાવશે? જમીનનો પ્રશ્ન હોય તો તે જવાબદારી કોની છે? ક્યાંથી જમીન મળશે? ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના બાળકોને શિક્ષણનો પુરતો લાભ ક્યારે મળશે? અગાઉના જનરલ બોર્ડોમાં અમારા દ્વારા પૂછવામાં આવેલ શાળા નં. ૯૯ નો જે જવાબ છે તેમાં આગળ શું શું કાર્યવાહી થઇ? હાલ ક્યાં સ્ટેજ આ પ્રશ્ન ઉભો છે? જમીન અને બિલ્ડીંગ બનાવવાનું ક્યારે શક્ય છે, આગામી બજેટમાં લેશું ? કે નહી? | વોર્ડ નં.૧૫ માં આવેલ કોર્પોરેશન હસ્તકની શાળા નં.૯૯ના બાંધકામ માટે જમીન માંગણી અર્થે પ્રકરણ શાસનાધીકારી, નગર પ્રાથમિક શાળા શિક્ષણ સમિતિ મારફત અત્રે ટી.પી.શાખામાં તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ રજુ થયેલ છે.<br><br>આ જમીન સરકારશ્રી હસ્તકની હોય, જમીન ફાળવવા માંગણી કરવામાં આવેલ છે. તેમજ જમીન માપણી અંગેનો નિયત ચાર્જ ભરપાઈ કરેલ છે.<br><br>આ જમીન પેટે સરકારશ્રી દ્વારા નિયત ચાર્જ ભરપાઈ કરવા જણાવ્યેથી ચાર્જની રકમ ભરપાઈ કરવામાં આવશે.<br><br>આ ચાર્જની રકમ ભરપાઈ કર્યા બાદ સરકારશ્રી દ્વારા આ જમીન ફાળવી આપ્યેથી, શાળાના બિલ્ડીંગના બાંધકામ માટે બાંધકામ/ શાસનાધિકારીશ્રીને જણાવવામાં આવશે. |

શાખાધિકારીની સહી ........................................

શાખાધિકારીનું નામ :- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા                                        હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર

રા.મ.ન.પા./પૂર્વ ઝોન/એન્જી./જા.નં. 2465 તા.16/૦૧/૨૦૨૬

વિષય : તા. ૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મળનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ :- શ્રી કોમલબેન હરેશભાઈ ભારાઈ

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| પ્રશ્ન ૧૨ | ૧૨(૧) | અમારા વોર્ડ નં. ૧૫ માં આવેલ કોર્પોરેશનની શાળા નં. ૯૯ ક્યારે થશે ? ૨૦૦૮ થી ભાડે ચાલે છે તો કોર્પોરેશન ક્યારે બનાવશે ? જમીનનો પ્રશ્ન હોય તો જવાબદારી કોની છે ? ક્યાંથી જમીન મળશે ? ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણનો પુરતો લાભ ક્યારે મળશે ? અગાઉના જનરલ બોર્ડમાં અમારા દ્વારા પૂછવામાં આવેલ શાળા નં. ૯૯ નો જે જવાબ છે તેમાં આગળ શું શું કાર્યવાહી થઇ ? હાલ ક્યાં સ્ટેજ આ પ્રશ્ન ઉભો છે ? જમીન અને બિલ્ડીંગ બનાવવાનું ક્યારે શક્ય છે. આગામી બજેટમાં લેશુ ? કે નહિ ? | ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા શાળા બનાવવા માટે જમીનની ફાળવણી થયા બાદ એસ્ટીમેટ, ટેન્ડર વિગેરેની કામગીરી પૂર્ણ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

શાખા : બાંધકામ

શાખાધિકારીની સહી :------------------ FOR

શાખાધિકારીનુ નામ : એમ. આર. શ્રીવાસ્તવ

હોદ્દો : સિટી એન્જીનીયર(સ્પે.)

પૂર્વ ઝોન

રાજકોટ મહાનગરપાલિકા

રા.મ્યુ.કો./ ટી.ડી.ઓ. /જા.નં. : ૪૫૨ તા.૧૩/૦૨/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૧/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ: કોમલબેન હરેશભાઈ ભારાઈ વોર્ડ નં.૧૫

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૨ | (૨) | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટાઉન પ્લાનીંગ વિભાગે કોઈ બિલ્ડીંગને સીલ મારેલ હોય અને બિલ્ડરો દ્વારા વધારાનું કામ રોકવાની જગ્યાએ સીલ પોતે તોડી ફરીથી વધારાનું બાંધકામ ચાલુ કરે તો જવાબદારી કોની? આવા બિલ્ડરો ઉપર શું શું કાર્યવાહી થઇ શકે? કાયદેસરની તે જણાવો અને છેલ્લા પાંચ વર્ષમાં વોર્ડ નં. ૧ થી ૧૮ માં જેની ઉપર કાર્યવાહી થઇ હોય તો જણાવો? અને કેટલા લોકોએ સીલ તોડી બાંધકામ ચાલુ કર્યું હોય, તો તેની પણ વિગતો છેલ્લા પાંચ વર્ષની આપવી? | રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કુલ-૨૪ મિલ્કતોને સીલ મારવામાં આવેલ છે.જે પૈકી કુલ-૧ મિલ્કતના આસામીઓ દ્વારા સીલ જાતે તોડવામાં આવતાં અત્રેથી સદરહું મિલ્કતને ફરીથી સીલ મારવામાં આવેલ છે.તેમજ ઉપરોક્ત મિલ્કતો પૈકીના કુલ-૫ આસામીઓ દ્વારા નામદાર હાઇકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.જો કોઈ મિલ્કત ધારક દ્વારા જાતે સીલ તોડી અને ફરીથી વધારાનું બાંધકામ ચાલુ કરવામાં આવે તો મિલ્કત ધારક વિરુધ્ધ જી.પી.એમ.સી. એક્ટ - ૧૯૪૯ તથા સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરી શકાય. |

શાખાધિકારીની સહી ..........................................

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર

# એનેક્ષર-એ

## જનરલ બોર્ડ પ્રશ્ન નં.૧૨(૨)

## વોર્ડ વાઈઝ સીલ કરેલ મિલ્કતોની વિગતો

| ક્રમ | વોર્ડ નં. | સીલ મારેલ મિલ્કતોની સંખ્યા | સીલ તોડેલ હોય તેવી મિલ્કતોની સંખ્યા | સીલ તોડેલ મિલ્કતના આસામી વિરુધ્ધ લેવાયેલ પગલાની વિગતો | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| વર્ષ-૨૦૨૧-૨૨ | | | | | |
| ૧ | ૧ | ૦ | ૦ | ૦ | - |
| | ૨ | ૦ | ૦ | ૦ | |
| | ૩ | ૦ | ૦ | ૦ | |
| | ૪ | ૦ | ૦ | ૦ | - |
| | ૫ | ૦ | ૦ | ૦ | - |
| | ૬ | ૦ | ૦ | ૦ | - |
| | ૭ | ૦ | ૦ | ૦ | - |
| | ૮ | ૦ | ૦ | ૦ | - |
| | ૯ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૦ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૧ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૨ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૩ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૪ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૫ | ૦ | ૦ | ૦ | |
| | ૧૬ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૭ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૮ | ૦ | ૦ | ૦ | - |
| ટોટલ | | ૦ | ૦ | ૦ | - |
| વર્ષ-૨૦૨૨-૨૩ | | | | | |
| ૨ | ૧ | ૦ | ૦ | ૦ | - |
| | ૨ | ૦ | ૦ | ૦ | - |
| | ૩ | ૦ | ૦ | ૦ | - |
| | ૪ | ૦ | ૦ | ૦ | - |
| | ૫ | ૦ | ૦ | ૦ | - |
| | ૬ | ૦ | ૦ | ૦ | - |
| | ૭ | ૦ | ૦ | ૦ | - |
| | ૮ | ૦ | ૦ | ૦ | - |
| | ૯ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૦ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૧ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૨ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૩ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૪ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૫ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૬ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૭ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૮ | ૦ | ૦ | ૦ | - |
| ટોટલ | | ૦ | ૦ | ૦ | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વર્ષ-૨૦૨૩-૨૪ | | | | | |
| 3 | ૧ | 0 | 0 | 0 | - |
| | ૨ | 0 | 0 | 0 | - |
| | 3 | 0 | 0 | 0 | - |
| | ૪ | 0 | 0 | 0 | - |
| | ૫ | 0 | 0 | 0 | - |
| | ૬ | 0 | 0 | 0 | - |
| | ૭ | 0 | 0 | 0 | - |
| | ૮ | 0 | 0 | 0 | - |
| | ૯ | 0 | 0 | 0 | - |
| | ૧૦ | 0 | 0 | 0 | - |
| | ૧૧ | 0 | 0 | 0 | - |
| | ૧૨ | 0 | 0 | 0 | - |
| | ૧૩ | 0 | 0 | 0 | - |
| | ૧૪ | 0 | 0 | 0 | - |
| | ૧૫ | 0 | 0 | 0 | - |
| | ૧૬ | 0 | 0 | 0 | - |
| | ૧૭ | 0 | 0 | 0 | - |
| | ૧૮ | 0 | 0 | 0 | - |
| ટોટલ | | 0 | 0 | 0 | - |
| વર્ષ-૨૦૨૪-૨૫ | | | | | |
| ૪ | ૧ | 0 | 0 | 0 | - |
| | ૨ | 0 | 0 | 0 | - |
| | 3 | 0 | 0 | 0 | - |
| | ૪ | 0 | 0 | 0 | - |
| | ૫ | ૧ | 0 | - | નામ.હાઇકોર્ટમાં કેસ ચાલે છે. |
| | ૬ | ૨ | 0 | 0 | આસામી દ્વારા નામ.હાઇકોર્ટનો સ્ટે.મેળવેલ છે. |
| | ૭ | | | | |
| | ૮ | ૧ | - | - | નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે સીલ ખોલવામાં આવેલ છે. |
| | ૯ | 0 | 0 | 0 | - |
| | ૧૦ | 0 | 0 | 0 | - |
| | ૧૧ | ૧ | 0 | - | આસામીશ્રી દ્વારા જાતે ગેરકાયદેસર બાંધકામ દુર કરતા અત્રેથી સીલ ખોલવામાં આવેલ છે. |
| | ૧૨ | ૧ | - | - | - |
| | ૧૩ | 0 | 0 | 0 | - |
| | ૧૪ | 0 | 0 | 0 | - |
| | ૧૫ | 0 | 0 | 0 | - |
| | ૧૬ | ૧ | 0 | 0 | - |
| | ૧૭ | 0 | 0 | 0 | - |
| | ૧૮ | 0 | 0 | 0 | - |
| ટોટલ | | ૭ | 0 | 0 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વર્ષ-૨૦૨૫-૨૬ | | | | | |
| ૫ | ૧ | ૦ | ૦ | ૦ | - |
| | ૨ | ૨ | ૦ | ૦ | - |
| | ૩ | ૪ | ૦ | ૦ | - |
| | ૪ | ૦ | ૦ | ૦ | - |
| | ૫ | ૦ | ૦ | ૦ | - |
| | ૬ | ૦ | ૦ | ૦ | - |
| | ૭ | ૮ | ૦ | ૦ | - |
| | ૮ | ૦ | ૦ | ૦ | - |
| | ૯ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૦ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૧ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૨ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૩ | ૧ | ૦ | ૦ | - |
| | ૧૪ | ૧ | ૦ | ૦ | - |
| | ૧૫ | ૧ | ૧ | આસામી દ્વારા સીલ ખોલી નાખવામાં આવતાં અત્રેથી ફરીથી તાત્કાલિક સીલ મારવામાં આવેલ છે. | - |
| | ૧૬ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૭ | ૦ | ૦ | ૦ | - |
| | ૧૮ | ૦ | ૦ | ૦ | - |
| ટોટલ | | ૧૭ | ૧ | ૦ | - |
| ગ્રાન્ડ ટોટલ | | ૨૪ | ૧ | ૦ | - |

# રાજકોટ મહાનગરપાલિકા

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

SWACHH SURVEKSHAN 2025-26

રા.મ.ન.પા/સો.વે.મે/જા. નં. ૫૨૯૮ તા. ૧૯/૦૨/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૧/૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામ: શ્રીમતી કોમલબેન ભારાઈ

વોર્ડ નં-૧૫

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૨.3 | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રદુષણ નિવારણ માટે કયાં-કયાં પગલા લીધા? કેટલા લોકો ને નોટીશો છેલ્લા ત્રણ વર્ષ માં આપી? નોટીશો પછી પ્રદુષણ માં કોઈ ફેરફાર થયો કે નહી? જમીન અને આકાશી પ્રદુષણ માટે લેવાતા પગલાની માહિતી આપવી? | • રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જમીન અને આકાશી પ્રદુષણ માટે લેવાતા પગલાની વિગત આ સાથે પત્રકમાં સામેલ છે.<br>• પ્રદુષણ નિવારણ માટે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા પગલા લેવામાં આવે છે. |

શાખા:- સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ

શાખાધિકારીની સહી:

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જમીન અને આકાશી પ્રદૂષણ માટે લેવાતા પગલાની વિગત

### ૧. રોડ ડસ્ટ અને ધૂળ નિયંત્રણ માટેના પગલાં

- શહેરના મુખ્ય માર્ગો પર **૧૦ મિકેનાઈઝ્ડ રોડ સ્વીપિંગ મશીનો** દ્વારા રોજબરોજ સફાઈ કરવામાં આવે છે.
- રોડ ડસ્ટ વધુ હોય તેવા વિસ્તારોમાં **વોટર-સ્પ્રિંકલર વાહનો** દ્વારા નિયમિત પાણી છંટકાવ કરવામાં આવે છે.
- રોડ ડસ્ટને કાયમી રીતે ઘટાડવા માટે **શહેરભરમાં પેવિંગ બ્લોક્સ તથા ગ્રીન બફર** વિકસાવવા માટે કાર્ય ચાલુ છે.
- ધૂળ પ્રદૂષણ ઘટાડવા માટે **વધારાના ૧૦ નવા સ્વીપિંગ મશીનો ખરીદી** માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

### ૨. વાહન પ્રદૂષણ ઘટાડવા માટેના પગલાં

- રાજકોટ શહેરમાં **૧૦૦ CNG તથા ૧૨૫ ઈલેક્ટ્રિક બસો**વિના અવરોધ દોડી રહી છે.
- **એકપણ ડિઝલ કે પેટ્રોલ આધારીત જાહેર પરિવહન બસ હાલમાં કાર્યરત નથી**, જે સ્વચ્છ ઇંધણ અપનાવવાની મહત્વપૂર્ણ સિદ્ધિ છે.
- RTO સાથે સંકલન કરી**વ્યાપક PUC ચેકિંગ ડ્રાઈવ** હાથ ધરવામાં આવી રહી છે.
- ટ્રાફિક નિયંત્રણ અને પ્રવાહ સુધારવા માટે **૧૧ જેટલા વ્યસ્ત જંક્શનોમાં ટ્રાફિક મેનેજમેન્ટ સુધારા** કરવામાં આવ્યા છે.

### ૩. બાંધકામ પ્રવૃત્તિઓમાં ધૂળ નિયંત્રણ અને C&D Waste મેનેજમેન્ટ

શહેરની તમામ બાંધકામ સાઇટ પર **ગ્રીન નેટ કવર ફરજિયાત** કરવામાં આવ્યું છે.

- C&D Waste નિયમોનું **કડક અમલીકરણ** કરવામાં આવી રહ્યું છે.
- નિયમોનું ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ **નોટિસ, દંડ અને અન્ય દંડાત્મક પગલાં** હાથ ધરવામાં આવી રહ્યા છે.
- ફીલ્ડ સ્ટાફ દ્વારા **નિરંતર મોનીટરીંગ** અને દૈનિક ચેકિંગ થાય છે.

### ૪. ઔદ્યોગિક વાયુ પ્રદૂષણ નિયંત્રણ માટેનું સંકલન

- ઔદ્યોગિક વિસ્તારોમાં GPCB સાથે સંકલન કરી **સંયુક્ત ઇન્સ્પેક્શન** યોજાઈ રહ્યા છે.
- પર્યાવરણ નિયમોનું પાલન ન કરનાર ઉદ્યોગો વિરુદ્ધ **કડક દંડાત્મક પગલાં** લેવામાં આવી રહ્યાં છે.
- ઉત્સર્જન નિયંત્રણ સાધનો, સ્ટેક્સ, સ્ક્રબર, ફિલ્ટર્સ વગેરેની **નિયમિત ચકાસણી** કરવામાં આવે છે.

### ૫. ગ્રીન કવર (Green Cover) વધારવા માટેની કામગીરી

- **"એક પેડ – એક નામ"** કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી **૫ લાખથી વધુ વૃક્ષારોપણ** કરવામાં આવ્યું છે અને અભિયાન ચાલુ છે.
- મુખ્ય માર્ગો, ફ્લાયઓવરો નીચે, ગ્રીન-બેલ્ટ, ગ્રીન-બફર ઝોન વગેરેમાં **સતત લીલોતરી વિકાસના કાર્યો** ચાલી રહ્યા છે.

- શહેરી ઉદ્યાનો અને ખાલી પડેલી સરકારી જમીન પર **માળી-મિત્રો અને વોલન્ટિયર સાથે મળીને ગ્રીન ઝોન** વિકસાવવામાં આવી રહ્યા છે.

**૬. ઘન કચરા વ્યવસ્થાપન (SWM) – પ્રદૂષણ ઘટાડવા સાથે સંકળાયેલ પગલાં**

- શહેરમાં **૧૦૦% ડોર-ટુ-ડોર કચરો એકત્રિકરણ** વ્યવસ્થા કાર્યરત છે.
- ડ્રાય વેસ્ટ માટે **૧૫૦ ટન ક્ષમતા ધરાવતા ૩ MRF પ્લાન્ટ** સ્થાપવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- વેટ વેસ્ટ માટે **વેસ્ટ-ટુ-કમ્પોસ્ટ તથા CBG પ્લાન્ટ** સ્થાપવાની કામગીરી પણ પૂર્ણાહુતિની દિશામાં છે.
- ઓપન ડમ્પિંગ અને બળતણ સામે **ઝીરો-ટોલરન્સ એક્શન** અમલમાં મૂકવામાં આવેલ છે.

**૭. જનજાગૃતિ અને IEC પ્રવૃત્તિઓ (Information, Education & Communication)**

વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે RMC દ્વારા વ્યાપક IEC અભિયાન અમલમાં મૂકવામાં આવ્યું છે: ક્ષમતા વિકસાવવાની (Capacity Building) પ્રવૃત્તિઓ

- ટ્રાફિક પોલીસ, વોર્ડ સ્ટાફ, સ્વચ્છતા ઇન્સ્પેક્ટરો માટે **વાયુ પ્રદૂષણ નિયંત્રણ સંબંધિત તાલીમ**.
- બાંધકામ સાઇટના કોન્ટ્રેક્ટર્સ/ઈજનેરો માટે **C&D નિયમો અંગે વર્કશોપ**

**૮. અત્યાર સુધીના અસરકારક પરિણામો**

ઉપરોક્ત તમામ પગલાંના આયોજનબદ્ધ અમલીકરણના પરિણામે:

- વર્ષ ૨૦૧૯-૨૦ની સરખામણીએ શહેરના PM10 સ્તરમાં ૬૦% નો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.
- શહેરમાં **રોડ-ડસ્ટ પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો** થયો છે.
- સ્વચ્છ ઇંધણ આધારિત પરિવહન વધવાથી **વાહન પ્રદૂષણ સતત ઘટી રહ્યું છે**.
- ઉદ્યોગોમાં નિયમિત ચકાસણીઓના કારણે **ઔદ્યોગિક ઉત્સર્જનમાં ઘટાડો** નોંધાયો છે.
- લીલોતરી વધવાથી **શહેરની એર-ક્વોલિટી ધીમે ધીમે સુધરી રહી છે**.

**૯. RMC ની ભવિષ્ય પ્રતિબદ્ધતા**

શહેર માટે હાયપર-લોકલ એર એક્શન પ્લાન તૈયાર કરવા માટે RMC દ્વારા CEEW સાથે MOU હસ્તાક્ષર કરવામાં આવ્યું છે. અને આ આધારે શહેરનું માઈક્રો લેવલ એર એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરને શુદ્ધ, સ્વસ્થ અને પ્રદૂષણમુક્ત બનાવવાની દિશામાં નીચે મુજબની પ્રતિબદ્ધતા દર્શાવે છે:

- વધુ ગ્રીન કવર વિકાસ.
- વધુ મોનિટરિંગ સ્ટેશન્સ સ્થાપવા.
- ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધારવો.
- રોડ-ડસ્ટ ઘટાડવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ.
- ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) ને શહેરમાં અમલમાં મુકવાની પ્રક્રિયા.

ઉપરોક્ત તમામ પહેલો અને અમલીકરણ શહેરને જમીન અને આકાશી પ્રદુષણ સ્વસ્થ રાજકોટ તરફ દોરી જવા માટે RMC ની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે.